हिन्दुस्तानी पाठमाला

હિન્દુસ્તાની પાઠમાળા

[ભાગ પહેલો]

लेखक.

महेन्द्रनाथ वेदालंकार

: પ્રકાશક :

સ્નાતક મિત્રમંડળ.

નવા દહેરા, ભરૂચ.

हिन्दुस्तानी पाठमाला

હિન્દુસ્તાની પાઠમાળા

[ભાગ પહેલો]

लेखक.

महेन्द्रनाथ वेदालंकार

हिन्दुस्तानी–अध्यापक

गवर्नमेन्ट हाअीस्कूल,

भरुच.

: પ્રકાશક :

સ્નાતક મિત્રમંડળ.

નવા દહેરા, ભરૂચ.

- મુદ્રક -
રામચંદ્ર નરોતમદાસ
પદ્મવિલાસ પ્રિન્ટિંગ પ્રેસ,
વડાપાડા રોડ, ભરૂચ.

કીમત બાર આના.

- પ્રકાશક -
સ્નાતક મિત્રમંડળ,
નવા દહેરા, ભરૂચ.

ભૂમિકા

આજે હિન્દુસ્તાન જાગૃત થયું છે. એની જાગૃતિ સઘળી પ્રવૃત્તિઓમાં માલમ પડે છે. એ પ્રવૃત્તિઓનું ઉદ્દેશ હિન્દુસ્તાનને એકતાના સૂત્રમાં બાંધવાનું છે. આ એકતા લાવનાર પ્રવૃત્તિઓમાં ભાષા ઐક્યની પ્રવૃત્તિનું પણ મુખ્ય સ્થાન છે. આજે રાષ્ટ્રભાષા તરીકેનું ગૌરવ હિન્દુસ્તાનીએ મેળવ્યું છે.

રાષ્ટ્રભાષાના પ્રચારમાં ગુજરાતનું મુખ્ય સ્થાન છે. ગુજરાતી, સંસ્કૃતિના ત્રણ મહાન અગ્રણીઓ સ્વામી દયાનન્દ, મહાત્મા ગાંધી અને કાકા કાલેલકર રાષ્ટ્રભાષાને અપનાવી, તેનો પ્રચાર કરી રાષ્ટ્રના કર્ણધાર બન્યા છે. ગુજરાત એ પન્થને મોખરેજ રહેશે એવી આશા સેવું છું.

રાષ્ટ્રભાષાના વધતા જતા પ્રચાર સાથે ગુજરાતી વડે રાષ્ટ્રભાષા શિખવાનાં પુસ્તકો પણ છપાવા લાગ્યાં. એવા દરેક પુસ્તકે એ પ્રચારમાં ઓછો વત્તો હિસ્સો આપ્યોજ છે અને એ પોતાના પ્રમાણમાં ઉપયોગી પણ થઇ પડયાં છે દરેક સેવક પોતે વધારે ઉપયોગી થઇ પડે એવી કોશિશ કરે છે. તેજ પ્રમાણે હું પણ રાષ્ટ્રભાષાનો નમ્ર સેવક બની ગુજરાતને '**हिन्दुस्तानी पाठमाला**' દ્વારા વધારે ઉપયોગી થઇ શકું તે માટે આ તુચ્છ પ્રયાસ કર્યો છે.

ભાષા શીખવાનું સહુથી સહેલું સાધન તો એજ છે કે જે ભાષા શીખવી હોય તેના વાતાવરણમાં જઈ રહેવું. પણ એ સાધન કોઇક માટેજ સુલભ થઈ શકે છે. ઘણા મોટા ભાગને તો પુસ્તકો પરજ આધાર રાખવો પડે છે.

માતૃભાષા શીખતી વખતે વ્યાકરણનો નહિ જેવોજ ઉપયોગ હોય છે. પણ જ્યારે માતૃભાષા શીખી બીજી ભાષા શીખવી હોય છે અને તે માટે જ્યારે વાતાવરણ પણ નહોય ત્યારે તો વ્યાકરણ જાણવાની જરૂર પડેજ છે. ત્યારે વ્યાકરણના નિયમો શીખનારને મદદ રૂપ થઇ પડે છે અને વખત બચાવે છે.

हिन्दुस्तानी पाठमालाમાં ઉપલી બન્ને દૃષ્ટિનો સમન્વય કરવામાં આવ્યો છે. સહેલા વ્યાકરણના નિયમો પણ આપ્યાં છે અને અભ્યાસ માટે વાક્યો પણ આપ્યાં છે. જેથી શબ્દોનો અને નિયમોનો પ્રયોગ કેવી રીતે થાય છે તે માલુમ પડે છે. સાથે પ્રશ્નો પણ આપ્યાં છે જેથી ભાષાનો અભ્યાસ પણ વધી શકે. શાળાઓમાં હિન્દુસ્તાની શીખતાં જે નાની મોટી ભૂલો થાય છે તેનો અનુભવ લઇ તેવી ભૂલો સુધારવા વાક્યો પણ આપેલાં છે.

આ પાઠમાળામાં એક વધુ ખુબી એ છે કે દરેક પાઠો વ્યાકરણના સાધારણ ક્રમ પ્રમાણે નથી આપ્યા પણ વિદ્યાર્થિઓને શિખવવામાં જે ક્રમે સહેલાઇ પડે છે તે ક્રમ અનુભવથી રાખવામાં આવ્યો છે. બીજું જે નિયમો જ્યાં સુધી આવ્યા ન હોય ત્યાં સુધી તે નિયમોના વાક્યો પણ આપવામાં આવ્યાં નથી. જેથી વિદ્યાર્થીઓને એક નિયમ શીખવતા કે શીખતા બીજા નિયમ સંબન્ધી અગવડ ન પડે આ વિશેષતા Hindi English self Instructor પરથી લીધી છે માટે તેના કર્તાઓનો આભાર માનું છું.

આ પ્રમાણે આ પાઠમાળાની વિશેષતાઓને લીધે બીજા હિન્દુસ્તાની શીખવનારા પુસ્તકો કરતાં વધારે ઉપયોગી થઇ પડશે એવી આશા રાખું છું.

આ પાઠમાળાના ત્રણ ભાગો કાઢવા વિચાર છે. જેથી દરેક હિન્દુસ્તાની શીખનાર ધીમે રહીને ભાષાપર કાબુ મેળવી શકશે. વિદ્યાર્થીઓ તેમજ અન્ય વર્ગ પણ આ પ્રમાણે પોતાને પચતું પચતું મળવાથી સારી રીતે પચાવી શકશે.

સ્કૂલોમાં ચાલતા હિન્દુસ્તાનીના ત્રણે ધોરણોને ક્રમવાર આ પાઠમાળા ઉપયોગી થઈ પડે તે માટે પણ આની રચનામાં કાળજી રાખવામાં આવી છે. આજ કાલ પહેલાં ધોરણમાં જે પાઠ્ય પુસ્તકો છે તેમાં હિન્દુસ્તાનીનું સઘળું વ્યાકરણ આપી દેવામાં આવ્યું છે. તેમાંથી પહેલા અને બીજા વર્ગના વિદ્યાર્થીએ પોતાના માટે કેટલું તારવી કાઢવું એ બહુ મુસ્કેલ થઇ પડે છે. તેવો દોષ આ પાઠમાળામાં નથી.

राष्ट्रभाषा प्रचार समिति वर्धा તરફથી લેવામાં આવતી प्रारंभिक, प्रवेश અને परिचय પરીક્ષાઓ માટે પણ આ પાઠમાળા બહુ ઉપયોગી થઇ પડે એવી છે.

આટલું નમ્ર નિવેદન કરી આ हिन्दुस्तानी पाठमालाનો પહેલો ભાગ વિદ્વાન વર્ગ અને હિન્દુસ્તાની શીખતા શીખવતા આલમની સામે ધરૂં છું. તેઓજ એની ઉપયોગિતા પારખી ખરી કીંમત આંકશે.

પાઠમાળાનો બીજો ભાગ પણ જલ્દીથીજ પ્રકાશિત કરવામાં આવશે.

અનુક્રમણિકા

राष्ट्र-भाषा

प्रेमियों

को

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૩	લિપી	લિપિ
૧૫	૧૪	નાન્યાતરજાતિ	નાન્યતરજાતિ
૧૬	૧૧	े	है
૧૬	૧૯	વાક્યોનું	વાક્યોનો
૧૯	૮	सबक़	सबक़
૩૨	૯	औकारान्त શબ્દો	औकारान्त स्त्रीलिंग શબ્દો
૩૨	૧૩	ओकारान्त શબ્દો	ओकारान्त स्त्रीलिंग શબ્દો
૩૪	૧૫	આવે છે	મળે છે
૪૪	૧૮	नदिया	नदियाँ
૪૪	૧૯	વગે	વગેરે
૫૩	૨૨	તી	કીંમતી છે.

પાઠ પહેલો

વર્ણમાળા અને જોડાક્ષર

વર્ણ અગર અક્ષરોના બે વિભાગ છે. (૧) સ્વર અને (૨) વ્યંજન.

(૧) **સ્વર :** હિન્દુસ્તાનીમાં ગુજરાતી માફક ૧૧ સ્વરો હોય છે. *નવી લિપિ પ્રમાણે નીચે મુજબ સ્વરો લખાય છે:—

अ, आ, अि, अी, अु, अू, अृ,
अे, अै, ओ, औ,

આ પ્રમાણે अ સાથે સ્વરોનાં ચિન્હો મેળવી બધા સ્વરો લખાય છે.

(૨) **વ્યંજન :** નીચે મુજબ હિન્દુસ્તાનીમાં ૩૩

---

*જુની લિપી પ્રમાણે એ સ્વરો નીચે મુજબ પણ લખાય છે:—

अ	आ	इ	ई	उ	ऊ	ऋ	ए	ऐ	ओ	औ
અ	આ	ઈ	ઈ	ઉ	ઊ	ઋ	એ	ઐ	ઓ	ઔ

વ્યંજનો છેઃ—

क	ख	ग	घ	ङ	च	छ	ज	झ	ञ
ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ
ट	ठ	ड	ढ	ण	त	थ	द	ध	न
ટ	ઠ	ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન
प	फ	ब	भ	म	य	र	ल	व	
પ	ફ	બ	ભ	મ	ય	ર	લ	વ	

श	ष	स	ह
શ	ષ	સ	હ

(૩) હિન્દુસ્તાનીમાં 'ળ' નથી. એની જગ્યાએ ल વપરાય છે. જેમકે મૂળ मूल, ફળ फल વગેરે.

બીજી ભાષાઓના ઉચ્ચારને ધ્યાનમાં રાખી ળ દાખલ કરી તેને ळ રૂપ આપ્યું છે.

જોડાક્ષર : દેવનાગરીના ઘણા અક્ષરો પાછળ ઉભી લીટી હોય છે તે पाई કહેવાય છે. જેમ કે ग, घ, च, म, य.

पाई વાળા અક્ષરો સાથે જયારે બીજા અક્ષરો જોડાય છે ત્યારે આ पाई નીકળી જાય છે અને બીજો અક્ષર જોડાઈ જાય છે. જેમ કેઃ—

घ + न = घ्न	कृतघ्न
ष + क = ष्क	शुष्क
ग + ल = ग्ल	ग्लानि
श + च = श्च	हरिश्चन्द्र

 ૨૨૦૦૨

क અને फ નીચે મુજબ જોડાય છેઃ—

अक्षर, शक्ति, मुजफ्फर, शुक्ल, पक्व વગેરે.

પાઈ વગરના અક્ષરો નીચે બતાવ્યા પ્રમાણે જોડાય છે-

ड् + ढ = ड्ढ, ड्ढ (गड्ढा, गड्ढा)

ट + ट + ह, ट्ट (टट्टू, टट्टू)

કેટલાક જોડાક્ષરો એના બે મૂળાક્ષરો કરતાં જુદી રીતે લખાય છે. જેમકેઃ—

द + य = द्य, द्य (विद्या, विद्या)

ह + म = ह्म (ब्रह्म)

त + र = त्र (नक्षत्र)

ट + र = ट्र (राष्ट्र)

પ્રશ્ન

(૧) હિન્દુસ્તાનીમાં કેટલા સ્વરો અને વ્યંજનો છે ?

(૨) નવી લિપિના સ્વરોમાં શી સહેલાઈ છે ?

(૩) ગુજરાતી અને હિન્દુસ્તાનીના જે અક્ષરોમાં ઘણો તફાવત હોય તે લખો.

(૪) નીચેના શબ્દો દેવનાગરી (બાળબોધ) માં લખોઃ—
લલ્લુ, ભક્તિ, બ્રાહ્મણ, ઉપર્યુક્ત, અદ્‌ભુત. નમ્ર, કુમારપ્પા, અક્લ, ગન્ના, કલ્લૂ, કચ્ચા, પત્તલ

પાઠ બીજો

ઉચ્ચાર

હિન્દુસ્તાનીમાં કેટલાક અક્ષરો તેમજ જોડાક્ષરોનો ઉચ્ચાર ગુજરાતી કરતાં જુદો થાય છે. જેમકેઃ—

(૧) ड, ढ, આ બે અક્ષરો જ્યારે વચ્ચે અને છેલ્લે આવે છે ત્યારે તેનો ઉચ્ચાર હલકો થાય છે. માટે નીચે ટપકું મૂકવામાં આવે છે. જેમકેઃ—लड़का, कपड़ा, पढ़ना, चढ़ना।

આમાં 'ડગલું' ના ડ અને 'દોડવું' ના 'ડ' વચ્ચે ઉચ્ચારમાં જે ફરક છે તેજ ड અને ड़ માં છે. એજ પ્રમાણે 'ઢગ' અને 'ચઢવું' માં ઢ ના ઉચ્ચારમાં જે ફરક છે, તેજ ढ અને ढ़ માં છે.

ड અને ढ શરૂઆતમાં આવ્યા હોય અગર કોઈ સંસ્કૃતના શબ્દમાં આવ્યા હોય ત્યારે તેની નીચે ટપકું નથી આવતું. જેમકેઃ—

डालना (નાખવું), ढाल, बिडाल, पंडित વગેરે

(૨) કેટલાક અરબી અને ફારસી શબ્દોનો હિન્દુસ્તાનીમાં સમાવેશ થયો છે. તેમાં કેટલાક અક્ષરોનો ઉચ્ચાર જુદો થાય છે જેમકેઃ—

क ख ग ज फ આ પાંચે અક્ષરોમાં કેટલાક શબ્દોમાં

નીચે ટપકું આવે છે. क ख ग ની નીચે જ્યારે ટપકું આવે ત્યારે તેમનો ઉચ્ચાર ગળાની અંદરના ભાગમાંથી થાય છે જેમકેઃ—नक़द, फ़क़ीर, ख़तम, ग़रीब, ग़लत.

ज ની નીચે ટપકું આવે છે ત્યારે તેનો ઉચ્ચાર ઝ જેવો થાય છે. જેમકેઃ—नज़र, ज़िन्दगी, ज़रुरत.

फ ની નીચે ટપકું આવે છે ત્યારે તેનો ઉચ્ચાર નીચલો હોઠ અને ઉપરના દાંતના મેળાપ સાથે થાય છે જેમકેઃ—सफ़ाई, फ़कीर, सिर्फ़.

(૩) ऐ અને औ નો ઉચ્ચાર ગુજરાતી કરતાં હિન્દુસ્તાનીમાં જુદોજ થાય છે. ગુજરાતી માફક 'અઇ' અને 'અઉ' ના રૂપમાં ન થતાં એ અને ઓ ના રૂપમાંજ પહોળો ઉચ્ચાર થાય છે. જેમકેઃ-મેલ (મેળાપ) અને મેલ (શરીરનો મેલ) ના એ ના ઉચ્ચારમાં અને મોર (પક્ષી) અને મોર (આંબાનાં ફૂલ) ના ઓના ઉચ્ચારમાં ફરક છે.

मैया, तैयार, कौवा વગેરે શબ્દોમાં ઐ અને ઔ નો ઉચ્ચાર ગુજરાતીના જેવોજ છે.

(૪) **અનુસ્વાર**—माँ, वहाँ વગેરે શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર અરધોજ થાય છે. આ પ્રકારના અનુસ્વારને હિન્દુસ્તાનીમાં અર્ધચન્દ્રબિન્દુ કહે છે.

हंस, कंस, वंश વગેરેમાં આવેલા અનુસ્વારનો ગુજરાતીમાં હઉંસ, કઉંસ, વઉંશ જેવો ઉચ્ચાર થાય છે પણ હિન્દુસ્તાનીમાં

हन्स, कन्स, वन्श જેવો થાય છે. ગુજરાતીમાં सिंह નો ઉચ્ચાર સિઉંહ થાય છે. જ્યારે હિન્દુસ્તાની सिंघ જેવો થાય છે.

(૫) ज्ञ **અક્ષર** ज અને ञ **અક્ષરોના મેળથી બનેલો છે** પણ એનો ઉચ્ચાર ગુજરાતીમાં અગ્નિ ના ગ્ન જેવો અને હિન્દુસ્તાનીમાં ગ્યાસતેલ ના ગ્ય જેવો થાય છે પણ એનો શુદ્ધ ઉચ્ચાર ज्यँ જેવો છે.

(૬) ऋ નો ઉચ્ચાર ગુજરાતીમાં रु (रु) જેવો અને હિન્દુસ્તાનીમાં રી જેવો થાય છે. कृष्ण (क्रिष्ण) ગુજ. કૃષ્ણ ક્રુષ્ણ કે ક્રુષ્ણ.

પ્રશ્ન.

(૧) ड़ અને ढ़ નો ઉચ્ચાર શી રીતે થાય છે?

(૨) કયા અક્ષરોની નીચે ફારસી શબ્દોમાં ટપકું મુકાય છે અને તેમના ઉચ્ચાર શી રીતે થાય છે?

(૩) औ, औ અને ज्ञ ના ઉચ્ચારમાં ગુજરાતી અને હિન્દુસ્તાનીમાં શો ફેર છે!

(૪) અનુસ્વારનો ઉચ્ચાર હિન્દુસ્તાનીમાં કઈ રીતે થાય છે?
अंश અને सिंहનો ઉચ્ચાર હિન્દુસ્તાનીમાં કેવી રીતે થશે?

પાઠ ત્રીજો

નામ અને વાક્યની સામાન્ય રચના

નામને હિન્દુસ્તાનીમાં संज्ञा કહે છે. ગુજરાતી માફક તેના ત્રણ મુખ્ય ભેદ છે.

(૧) व्यक्तिवाचक:—જે સંજ્ઞાથી એક વ્યક્તિનુંજ જ્ઞાન થાય જેમકેઃ—राम, तापी, सूरत, भरुच, हिमालय.

(૨) जातिवाचक:—જે સંજ્ઞાથી એક આખી જાતિનું જ્ઞાન થાય જેમકેઃ—मनुष्य, नदी, शहर, पहाड़, गाय વગેરે.

(૩) भाववाचक:—જે સંજ્ઞાથી કોઇ વસ્તુનો બોધ ન થતાં કેવળ તેની કલ્પના કરી શકાય જેમકેઃ—धर्म, दया, सौन्दर्य, क्रोध, बचपन (બાળપણ), लालिमा વગેરે.

હિન્દુસ્તાનીમાં વાક્ય રચનાની રીત ગુજરાતી જેવીજ છે. પહેલાં કર્તા પછી કર્મ અને છેલ્લે ક્રિયા આવે છે.

હિન્દુસ્તાનીમાં નાન્યાતરજાતિ નથી માટે નર અને નારી બેજ જાતિમાં વાક્ય રચના થાય છે જેમકેઃ—

राम है – રામ છે. पुस्तक कहाँ है? – ચોપડી ક્યાં છે?

અભ્યાસ

શબ્દો:—किताब – ચોપડી, कलम – કલમ, घड़ी – ઘડિઆળ, कहां – ક્યાં, क्या – શું, में – માં, और – અને, है – છે, वह – તે,

यह – આ, એ; पर – ઉપર, પર; मेज़ – ટેબલ, चटाअी – સાદડી,
कागज़ – કાગળ, जेब – ખીસું, पानी – પાણી, पेड़ा – પેંડા.

१. किताब कहाँ है ? ચોપડી ક્યાં છે ?
२. किताब चटाअी पर है। ચોપડી સાદડી પર છે.
३. हाथ में क्या है ? હાથમાં શું છે ?
४. हाथ में कलम है – હાથમાં કલમ છે.
५. राम और मोहन घरमें है। રામ અને મોહન ઘરમાં છે.
६. घड़ी किताब पर है। ઘડિયાલ ચોપડી પર છે.
यह क्या है ? આ શું છે ?
यह चटाअी है। આ સાદડી છે.
चटाअी पर क्या है ? સાદડી પર શું છે ?
चटाअी पर अेक किताब अेक घड़ी और अेक कलम हैं।
સાદડી પર એક ચોપડી એક ઘડીઆળ અને એક કલમ છે.
वह फूल लाल है। તે ફુલ લાલ છે.

પ્રશ્ન

(૧) संज्ञा ના કેટલા પ્રકાર હોય છે તેના દાખલા પણ આપો.

(૨) નીચેના શબ્દો કયી પ્રકારના છે ?

ब्राह्मण, नम्रता, गंगा, कबूतर, क़ुरान, प्रताप, रंग।

(૩) નીચેના વાકયોનું હિન્દુસ્તાનીમાં અનુવાદ કરો.

આ કાગળ છે.
કાગળ ક્યાં છે ?
એ ચોપડીમાં છે.
મગન અને છગન ઘરમાં છે.
ઘડિયાળ ખીસામાં છે.
ટેબલ પર ચોપડી છે.

ગંગા અને હિમાલય હિન્દુસ્તાનમાં છે.

પાઠ ચોથો

સામાન્ય વર્તમાન અને ત્રણ પુરૂષો

હિન્દુસ્તાનીના ત્રણ પુરૂષો આ પ્રમાણે છેઃ—

अुत्तम पुरुष (પહેલો પુરૂષ,)
मध्यम पुरुष (બીજો પુરૂષ,)
अन्य पुरुष (ત્રીજો પુરૂષ.)

ત્રણે પુરૂષો સાથે है (છે) ધાતુના રૂપોઃ—

	એક વચન	બહુ વચન
૧. अुत्तम पुरुष	मैं हूँ (હું છું)	हम हैं (અમે છીએ)
૨. मध्यम पुरुष	तू है (તું છે)	तुम हो आप हैं (તમે છો)
૩. अन्य पुरुष	वह है (તે છે)	वे हैं (તેઓ છે)

બીજા પુરૂષના બહુવચનમાં આદર બતાવવા માટે आप વધારે પ્રમાણમાં વપરાય છે.

(નોટઃ—मैं, तुम, हूँ, हैं વગેરેમાં હ્રસ્વદીર્ઘ અને અનુસ્વારની જોડણીનું વિશેષ ધ્યાન રાખવું જોઇએ.)

(૧) ગુજરાતી ક્રિયાપદો આવવું, પીવું, ધોવું વગેરેમાં છેલ્લે 'વું' લાગે છે, જ્યારે હિન્દુસ્તાનીમાં आना, पीना, धोना

વગેરેમાં 'ना' લાગે છે, જે ક્રિયાના રૂપો બનાવતી વખતે કાઢી નાખવામાં આવે છે, અને મૂल धातु રહી જાય છે. જેમકે:– आ, पी, धो વગેરે.

(૨) **વર્તમાન કાળ:**—મૂળ ધાતુને એક વચનમાં ता અને બહુવચનમાં ते લગાડી है ધાતુનાં રૂપો જોડવાથી વર્તમાન કાળનાં રૂપો બને છે.

करना धातु (નર જાતિ)

એક વચન	બહુ વચન
१. मैं करता हूँ (હું કરું છું)	हम करते हैं (અમે કરીએ છીએ)
२. तू करता है (તું કરે છે)	तुम करते हो आप करते हैं (તમે કરો છો)
३. वह करता है (તે કરે છે)	वे करते हैं (તેઓ કરે છે)

आना धातु		पीना धातु	
१. मैं आता हूँ।	हम आते हैं।	मैं पीता हूँ।	हम पीते हैं।
२. तू आता है।	तुम आते हो। आप आते हैं।	तू पीता है।	तुम पीते हो। आप पीते हैं।
३. वह आता है।	वे आते हैं।	वह पीता है।	वे पीते हैं।

(૩) નારી જાતિમાં રૂપો બનાવવા માટે ता અને ते બન્નેની જગ્યાએ ती આવે છે. જેથી નારી જાતિનો સ્પષ્ટ બોધ થાય છે. (ગુજરાતીમાં નથી થતો) જેમકે:—

એક વચન	બહુ વચન
१. मैं करती हूँ (હું કરું છું)	हम करती हैं (અમે કરીએ છીએ)
२. तू करती है (તું કરે છે)	तुम करती हो आप करती हैं (તમે કરો છો)
३. वह करती है (તે કરે છે)	वे करती हैं (તેઓ કરે છે)

નોટઃ—અકર્મક અને સકર્મક વિષે ભૂતકાળના પાઠમાં લખવામાં આવ્યું છે.

અભ્યાસ

શબ્દોઃ—आदमी – માણસ, मनुष्य – માણસ, दवात – ખડીઓ, सबक़ – પાઠ, पिता – બાપ, माता – મા, બા; अंगुली – આંગળી, पत्ता – પાંદડું, लिखना – લખવું, पढ़ना – વાંચવું, रोना – રડવું, हंसना – હસવું, जाना – જવું, सोना – સુવું, दौड़ना – દોડવું, कहना – કહેવું, हटना – ખસવું, लाना – લાવવું, पेड़ – ઝાડ, जूता – જોડો, कमरा – ઓરડો, पाठशाला – નિશાળ, मदरसा – નિશાળ, पहनना – પહેરવું, बहन – બેન, कहानी – વાર્તા, बर्तन – વાસણ, दरख़्त – ઝાડ, बंदर – વાંદરો, सर्दी – ટાઢ, बर्फ़ – બરફ.

पिताजी आते हैं – બાપુજી આવે છે.

बालक हंसता है – બાળક હસે છે.

सीता रोती है – સીતા રડે છે.

वे क्या कहते हैं? – તેઓ શું કહે છે?

तुम सोते हो – તમે સુઓ છો.

माताजी कहती हैं – બા કહે છે.

भाई पुस्तक पढ़ता है – ભાઇ ચોપડી વાંચે છે.

मोहन दवात लाता है – મોહન ખડીઓ લાવે છે.

विद्यार्थी सबक़ याद करते हैं – વિદ્યાર્થીઓ પાઠ યાદ કરે છે.
मैं पाठशाला में जाता हूँ – હું નિશાળે જાઉં છું.
हम कमरे में सोते हैं – અમે ઓરડામાં સૂઈએ છીએ.
तुम क्या लाती हो? – તમે શું લાવો છો?
आप जूता पहनते हैं? – તમે જોડા પહેરો છો?

પ્રશ્ન

૧. રોના ધાતુનાં નારી જાતિમાં વર્તમાન કાળનાં બધાં રૂપો લખો.
૨. નીચેનાં વાક્યો સુધારો:—

में बाग में जाती हुं।
तूम गांव में रहेते हैं।
भाअी पूस्तक पढ़ती है।
भाभी कहानी लीखते है।
पीताजी दूध पीते है।
आप निशाल जाते हो।
बहेन घर में सोति है।
तुम गुरुजी की आज्ञा मानते हैं।

૩. અનુવાદ કરો:—

બેન ઘર સાફ કરે છે.
તમે ક્યાં જાઓ છો?
તેઓ હસે છે.
મગન અને દેવેન્દ્ર ચોપડી વાંચે છે.
ટાઢમાં પહાડ પર બરફ પડે છે.
ચોપડીમાં પેન્સીલ છે.
હું નિશાળે જાઉં છું.
ગુરૂજી વાર્તા કહે છે.
મામી વાસણ ધુવે છે.
માટલામાં જુવાર ભરે છે.

પાઠ પાંચમો

આજ્ઞાવાચક (વિધ્યર્થ)

(૧) હિન્દુસ્તાનીમાં સાધારણ રીતે तू નો પ્રયોગ નાનાં બાળકો, નોકરો અને પ્રિયજનો માટે થાય છે. પોતાની ઉંમરની વ્યક્તિઓ માટે **तुम** નો પ્રયોગ થાય છે. મોટા માણસો માટે आप નો પ્રયોગ થાય છે.

(૨) આજ્ઞાર્થમાં तू સાથે મૂળ ધાતુનું રૂપજ આવે છે. જેમકે:—तू पानी पी। तू पाठ पढ़ વગેરે.

(૩) **तुम** સાથે આજ્ઞાર્થમાં ધાતુને ओ લગાડવામાં આવે છે જેમકે:—तुम किताब पढ़ो, रोटी खाओ, स्कूल जाओ વગેરે.

(૪) માનાર્થે પ્રયોગ માટે મૂળ ધાતુને 'इये' લગાડે છે. જેમકે:—

आप पत्र लिखिये।
पिताजी कहानी कहिये।
कपड़ा धोइये।
आप घर जाइये।
आप रोटी खाइये।

(૫) માનાર્થે જ્યારે करना, लेना, देना, पीना નો પ્રયોગ થાય છે ત્યારે તેનાં રૂપો कीजिये, लीजिये, दीजिये, पीजिये બને છે. होना નાં રૂપો हूजिये અને होइये થાય છે.

અભ્યાસ

શબ્દો:—पकड़ना – પકડવું, रहना – રહેવું, सुनना – સાંભળવું, लाना – લાવવું, हाज़िर – હાજર, कल – કાલ, देना – આપવું, बैठना – બેસવું, देखना – જોવું, जाना – જવું, यहां – અહીં, मत – નહિ, कुर्सी – ખુરશી, दिन – દિવસ, रास्ता – રસ્તો, बैल – બળદ, कौन – કોણ.

यह सबक़ पढ़। આ પાઠ વાંચ.
हाथ में क़लम पकड़। હાથમાં કલમ પકડ.
तुम घर में रहो। તમે ઘરમાં રહો.
यह किताब ले। આ ચોપડી લે.
आप बात सुनिये। તમે વાત સાંભળો.
शरबत पीजिये। શરબત પીઓ.
यह काम कीजिये। આ કામ કરો.
वह आम लाइये। પેલી કેરી લાવો.
कल स्कूल में हाज़िर हूजिये। કાલે સ્કુલમાં હાજર થાઓ.
घरमें क्या है? देखिये। ઘરમાં શું છે? જુઓ.
ज़मीन पर मत बैठो। જમીન પર નહિ બેસો.

પ્રશ્ન

(૧) तुम અને आप ના પ્રયોગમાં શું ભેદ છે?

(૨) વાક્યો સુધારોઃ—

तुम यहां आइये।	वे रोज़ आता हैं।

कुर्सी पर मत बैठीयें। अेक कहानी लीखीये।
दीन में मत सोजियें। रोटी खावो।
तूम पानी पीयो। पानी दिजिये।
रास्ते में देखीयें, बैल आता है।

(૩) અનુવાદ કરો:—

મોહન સાદડી લાવ. આકાશમાં શું જુએ છે?
તમે બેસો, હું આવું છું. જુઓ, તે કોણ જાય છે?
આ લો પાણી પીઓ. તમે વાત સાંભળો.
કરીમ ઘર જા અને પાઠ યાદ કર. તમે ભાષણ આપો.
અહીં તમે કામ કરો, ઘરમાં હું કરૂં છું.

પાઠ છઠ્ઠો

પ્રશ્નવાચક-વાક્ય

(૧) હિન્દુસ્તાનીમાં સામાન્ય પ્રશ્નાત્મક વાક્યો क्या (શું) થી બનાવવામાં આવે છે. જેમકેઃ—

तुम क्या करते हो ? તમે શું કરો છો ?
यह क्या है ? આ શું છે ?

વાક્યના ઉચ્ચારથી પણ પ્રશ્ન બને છે. જેમકેઃ—

आप जाते हैं ? તમે જાઓ છો ?

(૨) કેટલાંક પ્રશ્નાત્મક ક્રિયા વિશેષણો અને તે સંબંધી બીજાં ક્રિયાવિશેષણો અત્રે આપવામાં આવે છે.

कैसा – કેવો,	अैसा – આવો,	जैसा – જેવો,	वैसा – તેવો,
कहाँ – ક્યાં,	यहाँ – અહીં,	जहाँ – જ્યાં,	वहाँ – ત્યાં,
कब – ક્યારે,	अब – અત્યારે,	जब – જ્યારે,	तब – ત્યારે,
क्यों – કેમ,	यों – એમ,	ज्यों – જેમ,	त्यों – તેમ.
कैसे – કેવી રીતે,	अैसे – એવી રીતે,	जैसे – જેવી રીતે,	तैसे – તેવી રીતે,
किधर - ક્યાં, કઇ બાજુ,	अिधर - આ બાજુ,	जिधर - જ્યાં, જે બાજુ,	अुधर - ત્યાં તે બાજુ,
कितना – કેટલું,	अितना – એટલું,	जितना – જેટલું,	अुतना – તેટલું.

कैसा, कितना, अितना, जितना, अुतना આ શબ્દોનાં નારીજાતિનાં રૂપો कैसी, कितनी, अितनी, जितनी, अुतनी અને અનેક વચનમાં कैसे, कितने, अितने, जितने, अुतने રૂપો બને છે.

બીજા કેટલાક શબ્દો:—कौन – કોણ, कौनसा - કયો, कौनसी – કયી, कुछ – જરા, ही – જ, भी – પણ.

અભ્યાસ

શબ્દો:—घूमना – ફરવું, काटना – કાપવું, रखना – મૂકવું, पढ़ना – ભણવું, तैरना – તરવું, मिलना – મળવું, मलना – ચોળવું મસળવું; बुझना – હોલવાવું, बजना – વાગવું, भागना – નાસવું, अपना – પોતાનું, असबाब – સામાન, मछली – માછલી, सिर्फ़ – કેવળ.

आज तुम कहाँ जाते हो? આજે તમે ક્યાં જાઓ છો?
वह गांव क्यों जाती है? તે ગામ શા માટે જાય છે?
तुम मदरेसेमें कब पढ़ते हो? તમે નિશાળમાં ક્યારે ભણો છો?
अुधर किधर भागते हो? તે બાજુ ક્યાં નાસો છો?
यह आम कैसा है? ले चख। આ કેરી કેવી છે? લે ચાખી જો.
वहाँ कौन कूदता है? ત્યાં કોણ કૂદે છે?
मछली कैसे तैरती है? માછલી કેવી રીતે તરે છે?
तुम कितने बजे अुठते हो? તમે કેટલા વાગે ઉઠો છો?
आप कौनसी किताब पढ़ती हैं? તમે કયી ચોપડી વાંચો છો?

मैं तो रोज़ घूमने जाता हूँ, आप भी चलिये।
હું તો દરરોજ ફરવા જાઉં છું તમે પણ ચાલો.
अैसा कौन वीर है जो जंगलमें पेड़ काटता है?
એવો કોણ વીર છે જે જંગલમાં ઝાડ કાપે છે?

बम्बअी तुम ही जाते हो ? मैं भी आता हूँ।
મુંબઈ તમેજ જાઓ છો ? હું પણ આવું છું.
भरत अपना असबाब ज्यों त्यों रखता है।
ભરત પોતાનો સામાન ગમે તેમ રાખે છે.

પ્રશ્ન

૧ ખાલી જગ્યા પૂરોઃ—

(क) आज सूरत —— जाता है ? (ख) —— अब —— करती हो ?
(ग) जब —— अुगता है —— मैं अुठता ——। (घ) राम — हंसता है ?
(ङ) लक्ष्मी —— रोती है ? (च) आप —— बजे —— खाते हैं ?
(छ) —— मैं रहता हूँ वहाँ अेक —— है।

(૨) વાક્યો સુધારોઃ—

तूम कीधर भागते हो ? गोविन्द अहिंया कब आता है ?
श्याम क्यों सोता है। वह कोन दौडता है ?
पंडीतजी कीतने बजे मीलते है ? माछली पाणी में तरती है।
केसा सुंदर दृश्य है !

(૩) અનુવાદ કરોઃ—

જ્યારે તે આવે છે ત્યારે હું જાઉં છું. તમે શું સમજો છો ?
અત્યારે તે કેમ રડે છે ? તે ક્યારે દૂધ પીએ છે ?
કેટલા વાગે તમે બગીચામાં જાઓ છો ?
જેવો રાજા હોય છે તેવી પ્રજા હોય છે.
શું તમે ભાત અને કઢી ખાઓ છો ?

પાઠ સાતમો

જાતિ

હિન્દુસ્તાનીમાં ફક્ત બેજ જાતિ છે. ૧. પુલ્લિંગ (નર જાતિ)
૨. સ્ત્રીલિંગ (નારી જાતિ)

હિન્દુસ્તાનીમાં નાન્યતરજાતિ નથી માટે કોઇપણ શબ્દની જાતિ જાણવી મુશ્કેલ પડે છે. જાતિનું જ્ઞાન તો અભ્યાસ અને પ્રયોગથીજ થઇ શકે. જાતિ વિષે ચોક્કસ નિયમો નથી. સામાન્ય નિયમો નીચે મુજબ છે:—

(૧) પ્રાણીવાચકનામોની જાતિનો બોધ તે પ્રાણી નર છે કે માદા તે પરથીજ પરખાય છે. જેમકે:— घोड़ा, घोड़ी; लड़का, लड़की; गाय, बैल.

(૨) પ્રાણીવાચક નહોય એવા હિન્દુસ્તાનીના **आकारान्त*** શબ્દો મોટે ભાગે પુલ્લિંગ હોય છે. જેમકે:— चना, आटा (લોટ), कपड़ा, घड़ा, कमरा, लोहा, जूता, ताला, थैला, शीशा, चरखा, पतंग વગેરે.

આમાં કેટલાક સંસ્કૃતના શબ્દો અપવાદ રૂપ હોય છે. જેમકે:—सभा, दया, ममता, माया, विद्या, अिच्छा, माला, कृपा, आशा વગેરે.

---

*શબ્દોને છેડે જે સ્વર આવે તેની સાથે कारान्त જોડી બોલે છે. घर – अकारान्त। चना – आकारान्त। घी – ईकारान्त। भालू – ऊकारान्त વગેરે.

(૩) **ईकारान्त શબ્દો મોટે ભાગે સ્ત્રીલિંગ હોય છે.** જેમકે:—कुर्सी, घड़ी, तकली, धोती, पेटी, चिट्ठी, रोटी, स्याही, नदी, अंगुली, अंगूठी વગેરે.

કેટલાક અપવાદો:—पानी, दही, घी, मोती, जी (મન) વગેરે.

(૪) **अकारान्त** શબ્દો પુલ્લિંગ અને સ્ત્રીલિંગ બન્ને હોય છે:—

પુલ્લિંગ,–मकान, घर, कागज़, मटर (વટાણા). तिल, बाल, मुंह, हाथ, पत्थर, समुद्र, फल વગેરે.

સ્ત્રીલિંગ–अिमारत (ઘર), अींट, चीज़, पूँछ, किताब, भूल, रात, आँख, मिर्च, अरहर (તુવર), नाक, बूंद, संदूक, लेम्प, दवात, रेल વગેરે.

(૫) **મહિના, વાર, પહાડ, ધાતુ, શહેર** વગેરેનાં નામો મોટે ભાગે પુલ્લિંગ હોય છે. જેમકે:–श्रावण, कार्तिक, जनवरी, मअी (મે), रवि, बुध, हिमालय, आल्प्स, नीलगिरि, सोना, नीलम, हरिद्वार, काशी, बम्बअी વગેરે.

(૬) **નદી, તિથિ, ભાષા** વગેરેનાં નામો ઘણે ભાગે સ્ત્રીલિંગ હોય છે. જેમકે:—दूज, अमावस, गंगा, तापी, हिन्दी, हिन्दुस्तानी, गुजराती વગેરે.

(૭) કેટલાક સંસ્કૃત પુલ્લિંગ શબ્દો હિન્દુસ્તાનીમાં સ્ત્રીલિંગમાં હોય છે:—जय, देह, विजय, गन्ध, शपथ, राशि, मृत्यु, अग्नि, महिमा વગેરે.

(૮) કેટલાક શબ્દો બન્ને જાતિમાં હોય છેઃ—विनय, समाज, तरंग, वायु, आत्मा, सामर्थ्य વગેરે.

(૯) કેટલાક પ્રાણી વાચક શબ્દો पुल्लिंग માંજ વપરાય છેઃ— कौआ (કાગડો), पक्षी, भालू (રીંછ), भेड़िया (વરૂ), चीता, खटमल, (માકણ) વગેરે.

(૧૦) કેટલાક પ્રાણી વાચક શબ્દો स्त्रीलिंग માંજ વપરાય છેઃ— भेड़ (ઘેટું), चील (સમડી), कोयल, चिड़िया (ચકલી), जू, बिल्ली, खरहा (સસલું) વગેરે.

અભ્યાસ

શબ્દોઃ—किसान – ખેડૂત, खेत – ખેતર, दोपहर – બપોર, सुबह, सबेरा – સવાર, जुलाहा – વણકર, बोना – વાવવું, રોપવું; बुनना – વણવું, लड़का – છોકરો, चरखा – રેંટિયો, पतंगा – પતંગીયું, पेटी – પટો, सन्दूक – પેટી, रोटी – રોટલી, स्याही – રૂશનાઈ, શાહી; अंगुली – આંગળી, अंगूठी – વીંટી, तिल – તલ, मिर्च – મરચું, बूंद – ટીપું, दूज – બીજ, अमावस – અમાસ.

माली फूल तोड़ता है। માળી ફૂલ તોડે છે.
मज़दूर खेत में बीज बोता है। મજુર ખેતરમાં બી વાવે છે.
दुकान कितने बजे बंद होती है? દુકાન કેટલા વાગે બંધ થાય છે?
जुलाहा खद्दर बुनता है। વણકર ખાદી વણે છે.
भेड़िया दोपहर में सोता है। વરૂ બપોરે સુએ છે.
सबेरे कोयल बगीचे में बोलती है। સવારમાં કોયલ બગીચામાં બોલે છે.

बैल रहट चलाता है। બળદ રેંટ ચલાવે છે.
घोड़ी पर कौन बैठता है? ઘોડી પર કોણ બેસે છે?
किसान खेत में कब काम करते हैं? ખેડૂતો ખેતરમાં ક્યારે કામ કરે છે?
भेड़ चरागाह में चरती है। ઘેટું સીમમાં ચરે છે.

પ્રશ્ન

(૧) નીચેના શબ્દોની જાતિ લખો:—

मकान, असर, महिमा, मतलब, आवाज़, मौत, दही, पत्ता, छत, मौज, शराब, पुस्तक, दग़ा, मज़ा, शर्बत।

(૨) નીચેનાં વાક્યો પૂરાં કરો:—

किसान —— में बीज ——। चिड़िया —— चील आमपर ——।
दर्जी ——— कब ———। गांधीजी ——रोज़ —— कातते हैं।
—— सुबह और —— खाता हूँ। —— चूहा मारती है।
—— अंगुली में —— पहनती है। तोता —— खाता है।

(૩) અનુવાદ કરો:—

તમે તકલી કાંતો છો? પેટી ઉપર ટુવાલ મૂકે છે.
આજે હું દહીં ખાઉં છું. ત્રણ વાગે કોણ આવે છે?
સસલું જંગલમાં નાસે છે. બે વાગે હું ત્યાં જાઉં છું.
પટો કમરમાં બાંધે છે. આકાશમાં ચાંદો ઉગે છે.
વટાણા અને ચણા પૌષ્ટિક હોય છે.

પાઠ આઠમો

વચન

હિન્દુસ્તાનીમાં બે વચન હોય છેઃ—

अेकवचन (એકવચન) **बहुवचन** (અનેકવચન)

કર્તામાં જે **જાતિ** અને વચન હોય છે તેજ ક્રિયામાં આવે છે. જેમકેઃ—

अेक बालक आता है। એક છોકરો આવે છે.
तीन बालक आते हैं। ત્રણ છોકરાઓ આવે છે.

अेकवचन થી बहुवचन બનાવવાના નિયમો નીચે મુજબ છેઃ—

(૧) **आकारान्त पुल्लिग** શબ્દોના बहुवचन માં **आ** ની જગ્યાએ अे થાય છે. જેમકેઃ—कुत्ता – कुत्ते, लोटा – लोटे, ताला – ताले, लड़का – लड़के।

નોટઃ—સંસ્કૃતના आकारान्त पुल्लिंग શબ્દોના बहुवचनમાં આ ફેરફાર નથી થતોઃ—अेक राजा जाता है। दो राजा जाते हैं। पिता जाते हैं।

(૨) **आकारान्त** સિવાયના બીજા બધા पुल्लिंग શબ્દો એકવચન અને બહુવચનમાં સરખાજ રહે છે. જેમકેઃ—

तीन **विद्यार्थी** पढ़ते हैं। तीन **बालक** आते हैं।
हिन्दुस्तान में ५२ लाख **साधु** हैं। **कवि** कविता बनाते हैं।

(આવાં વાક્યોમાં ક્રિયાપદથી કર્તા બહુવચનમાં છે એમ સમજાય છે.)

(૩) **अकारान्त स्त्रीलिंग** શબ્દોનાં બહુ વચન 'अ' ને બદલે 'ॆं' કરવાથી બને છે. જેમકેઃ—बात – बातें, भूल – भूलें, आँख – आँखें, किताब – किताबें, गाय – गायें, बेगम – बेगमें।

किताब में अेक भूल है। किताब में दो भूलें हैं।

(૪) आकारन्त, उकारान्त, ऊकारन्त અને औकारान्त શબ્દોનાં બહુ વચનમાં છેલ્લે अें લાગે છેઃ—बाला – बालाअें, वस्तु – वस्तुअें, बहू – बहुअें, गौ – गौअें।

બહુ વચનમાં ऊ હ્રસ્વ થઇ જાય છેઃ—बहू – बहुअें।

(૫) **अिकारान्त** અને **ओकारान्त** શબ્દો ને **याँ** લાગે છે અને છેલ્લે જો **ओी** હોય તો **अि** માં બદલાય છે. જેમકેઃ—तिथि – तिथियाँ, रीति – रीतियाँ, स्त्री – स्त्रियाँ, नदी – नदियाँ, रोटी – रोटियाँ।

(૬) જે સ્ત્રીલિંગ શબ્દોના છેલ્લા અક્ષરો **अिया** હોય તેના પર અર્ધચન્દ્રાકાર અનુસ્વાર (ँ) મૂકવાથી બહુવચન બને છે જેમકેઃ—

बिटिया – बिटियाँ, खटिया – खटियाँ, हँडिया – हँडियाँ।

(૭) એક વ્યકિત માટે પણ માનાર્થે બહુવચન આવે છે. જેમકેઃ—

जवाहरलाल कहते हैं। सरोजिनी देवी आती हैं।

ગુજરાતીમાં એક વચનનું અનેકવચન બનાવતી વખતે છેવટે '**ઓ**' લાગે છે. એજ રીત હિન્દુસ્તાનીમાં પણ ભૂલથી વપરાય જાય છે, માટે એના પર ખાસ ધ્યાન રાખવું જોઇયે. હિન્દુસ્તાનીમાં ओ કે ओं પ્રત્યય લાગતોજ નથી. જેમકેઃ—

बिद्यार्थिओं पढ़ते हैं। (ખોટું)	विद्यार्थी पढ़ते हैं। (ખરૂં)
बहुत लोगों आते हैं। (ખોટું)	बहुत लोग आते हैं। (ખરૂં)
वे बातों करते हैं। (ખોટું)	वे बातें करते हैं। (ખરૂં)

ફક્ત સંબોધનના બહુવચનમાં ओ લાગે છેઃ—

हे बालको, हे यात्रियो।

અભ્યાસ

શબ્દોઃ—कुत्ता – કુતરો, ताला – તાળું, हँडिया – માટલી, नाव – હોડી, खेना – હંકારવું, लकीर – લીટી, बताना – બતાવવું, दर्जा – વર્ગ, अव्वल – પહેલો, सब – બધા, गवाह – સાક્ષી, झूठ – જુઠું, बटोही – જાત્રાળુ, डाकिया – ટપાલી, अखबार – છાપું, પેપર;

आला – ગોખલો, जुगनू – આગીઓ, ज़बान – જીભ, ભાષા; छाता – છત્રી, बेचना – વેચવું, डरना – બીવું, नीबू – લીંબુ, ख़ून – લોહી, घोंसला – માળો, बनाना – બનાવવું, लट्टू – ભમરડો, घुमाना – ફેરવવું, चराना – ચરાવવું, गडरिया – ભરવાડ, बाढ़ – રેલ, पहुंचना – પહોંચવું, झोंपड़ी – ઝુંપડી.

वे आदमी कहां रहते हैं ? તે માણસો ક્યાં રહે છે ?
कितने लोग नाव खेते हैं ? કેટલા માણસો હોડી હંકારે છે ?
ये लकीरें क्या बताती हैं ? આ લીટીઓ શું બતાવે છે ?
सब गवाह झूठ बोलते हैं ? બધા સાક્ષીઓ જુઠું બોલે છે ?
डाकिया तीन अख़बार देता है। ટપાલી ત્રણ પેપર આપે છે.
राधा डिबियाँ आले में रखती है। રાધા ડબ્બીઓ ગોખલામાં મૂકે છે.

बटोही आते हैं और यहां पानी पीते हैं।
યાત્રાળુઓ આવે છે અને અહીં પાણી પીએ છે.
ये लाल टोपियाँ अेक रुपये में आती हैं।
આ લાલ ટોપીઓ એક રૂપીઆમાં આવે છે.
राम और रमा दर्जे में अव्वल हैं।
રામ અને રમા વર્ગમાં પહેલાં છે.

પ્રશ્ન

(૧) નીચેના શબ્દોનાં બહુ વચન બનાવો:—दासी, बटोही, प्रजा, अंडा, धेनु, जुगनू, सांस, भाभी, ज़बान, विद्यार्थिनी, क़ौम, नेता।

(૨) कविताअें અને सखियांના બહુ વચનમાં કયો નિયમ લાગે છે ?

(૩) નીચેના વાક્યો સુધારો:—

राम छाताअें बेचता है। दासी कटोरीयां धोतीं हैं।
रूसमां कीसानां राज करते हैं। यात्री लोगों जंगल में डरता हैं।
निम्बुअें खून साफ करते हैं। सर्दी में रातों बड़ी होतीं हैं।
दीनकर लट्टू घूमाता है। आप बताओ, मैं कहां जाता हूँ?
चीडीयाअें अपने घांसलाअें बनातीं है।

(૪) અનુવાદ કરો:—

તે વાતો કેમ કરે છે? કૃષ્ણ ગાયો ચરાવે છે.
હું પોતાના પાઠો યાદ કરૂં છું. પતંગીઆંઓ દીવામાં પડે છે.
તે ફુલો સૂંઘે છે. ગરીબો ઝુંપડીઓ બાંધે છે.
ભરવાડો બકરીઓ અને ઘેટાંઓ લાવે છે.
વરસાદમાં નદીઓમાં રેલ આવે છે.
તમે ૫૦૦ શબ્દો લખો.

પાઠ નવમો

વિભક્તિ અને તેના પ્રત્યયો

હિન્દુસ્તાનીમાં વિભક્તિને कारक કહે છે.

ગૂજરાતી અને હિન્દુસ્તાની બન્નેમાં આઠ વિભક્તિઓ છે. દરેક વિભક્તિના પ્રત્યયો હિન્દુસ્તાનીમાં અને ગુજરાતીમાં નીચે આપ્યા છેઃ—

વિભક્તિ	હિન્દુસ્તાની પ્રત્યય	ગુજરાતી પ્રત્યય
૧ કર્તા	નથી અથવા नें*	નથી અથવા એ
૨ કર્મ	નથી અથવા को	નથી અથવા ને
૩ કરણ	से, द्वारा, कारण, मारे,	એ, થી, વડે, લીધે.
૪ સંપ્રદાન	को, केलिये,	ને, માટે
૫ અપાદાન	से	થી
૬ સંબંધ	का, के, की	નો, ના, ની, નું, નાં
૭ અધિકરણ	में, पर	માં, એ, ઉપર,
૮ સંબોધન	નથી	નથી

*કર્તા સાથે 'नें' ફકત ભૂતકાળમાંજ આવે છે માટે તેને તેજ પાઠમાં સમજાવ્યો છે.

(१) राम जाता है। રામ જાય છે.
मोहन फल खाता है। મોહન ફળ ખાય છે.

આ વાકયોમાં કર્તા राम અને मोहन ને કશો પ્રત્યય લાગ્યો નથી.

(२) राम कृष्ण को बुलाता है। રામ કૃષ્ણને બોલાવે છે.

આ વાકયમાં को પ્રત્યય આવ્યો છે.

(३) चाकूसे पेंसिल घड़ता है। ચપ્પુથી પેંસિલ છોલે છે.
सर्दी के मारे काँपता है। ટાઢને લીધે ધ્રૂજે છે.

આ વાકયોમાં ત્રીજી વિભક્તિના પ્રત્યયો છે.

(४) बहन के लिये पैसे भेजता हूँ। બહેન માટે પૈસા મોકલું છું.
भिखारी को पैसा देता है। ભીખારી ને પૈસો આપે છે.

આ વાકયોમાં ચોથી વિભક્તિના પ્રત્યયો છે.

(५) पेड़ से फल गिरता है। ઝાડ પરથી ફળ પડે છે.

આ વાકયમાં પાંચમીનો પ્રત્યય છે.

(૬) (क) છઠ્ઠી નો પ્રત્યય વિશેષણની જેમ આવે છે. શબ્દ જે જાતિનો હોય છે તે પહેલાં તેજ જાતિનો પ્રત્યય આવે છે. જેમકેઃ—

राम का घोड़ा दौड़ता है। राम की घोड़ी दौड़ती है।

(ख) का (નો) નુ' બહુવચન के (ના) છે. જેમકે:—

रामका घोड़ा – રામનો ઘોડો.

रामके घोड़े – રામના ઘોડાઓ.

(ग) હિન્દુસ્તાનીમાં નાન્યતર જાતિ ન હોવાથી ગુજરાતી 'નુ' 'નાં' ને બદલે હિન્દુસ્તાની શબ્દોના પુલ્લિંગ અને સ્ત્રીલિંગ ના પ્રત્યયોજ આવે છે. જેમકે:—

૧ રામ**નું** પુસ્તક, राम**की** पुस्तक। રામ**નાં** પુસ્તકો, राम**की** पुस्तकें।

૨ રામ**ની** ચોપડી, राम**की** किताब। રામ**ની** ચોપડીઓ, राम**की** किताबें।

૩ રામ**નો** ગ્રંથ, राम**का** ग्रन्थ। રામ**ના** ગ્રન્થો. राम**के** ग्रन्थ।

બીજું વાકય જોવાથી માલમ પડશે કે સ્ત્રીર્લિંગ માં એક વચન અને બહુવચનમાં '**की**' પ્રત્યયજ રહે છે.

(૭) पेड़ पर लंगूर कूदता है। ઝાડ ઉપર વાંદરો કૂદે છે.

घर में जाता है। ઘરમાં જાય છે.

આ વાકયોમાં સાતમી વિભક્તિના પ્રત્યયો છે.

(૮) हे देव, भारतकी रक्षा करो। હે દેવ, ભારતની રક્ષા કરો.

આ પ્રમાણે આઠમી વિભક્તિમાં સંબોધન સૂચક શબ્દ આવે છે, પ્રત્યય લાગતો નથી.

એકવચનમાં आकारान्त **શબ્દોને** વિભક્તિ પ્રત્યય લાગે છે ત્યારે આ **ના** એ થઈ જાય છે. જેમકેઃ—

(૧) कुत्ता जाता है। કુતરૂં જાય છે.
कुत्ते को मारता है। કુતરાને મારે છે.
घोड़ा आता है। ઘોડો આવે છે.
घोड़े **पर** बैठता है। ઘોડા **પર** બેસે છે.

અભ્યાસ

શબ્દોઃ—लंगूर – વાંદરો, बारिश – વરસાદ, छत – છાપરૂં, मुसाफ़िर – મુસાફર, अमरूद – જમરૂખ, चाहिअे – જોઇએ, ख़तरा – બીક, ભય; तमाम – આખું, बीमार – માંદો, अच्छा – સારૂં, नहीं – નહિ, दिया – દીવો, रोशनी – પ્રકાશ, दराती – દાતરડી, घंटा – કલાક, पहिचानना – ઓળખવું, बहिन – બેન, सिपाही – પોલીસ, સિપાઈ; जीना – જીવવું, बिस्तर – પથારી, चाकू – ચપ્પુ, घड़ना – છોલવું, બનાવવું.

घरमें बारिश की बूँदें आती हैं। ઘરમાં વરસાદના છાંટા આવે છે.
छत पर से बिल्ली कूदती है। છાપરા પરથી બિલાડી કૂદે છે.

मुसाफिर को खाने के लिये अमरूद चाहिये।
મુસાફરને ખાવા માટે જમરૂખ જોઇએ.

चोर का ख़तरा तमाम गांव में है।
ચોરની બ્હીક આખા ગામમાં છે.

बीमार को भोजन अच्छा नहीं लगता।
માંદાને ખાવાનું સારૂં નથી લાગતું.
दिये की रोशनी में झाड़ू लगाता है।
દીવાના પ્રકાશમાં કચરો વાળે છે.
दराती से घोड़े के लिये घास काटो।
દાતરડીથી ઘોડા માટે ઘાસ કાપો.

પ્રશ્ન

(૧) નીચેનાં વાક્યોમાં ખાલી જગાએ વિભક્તિના પ્રત્યયો મૂકોઃ—

मैं दो दिन —— राम —— किताब पढ़ता हूं।
क़रीब अेक घंटे —— काम —— ख़त्म करता हूँ।
पेड़ —— फल क्यों तोड़ती है ?
वे सीता —— बहन —— पांच महीने —— पहिचानती हैं।

(૨) છઠ્ઠી વિભક્તિના કયા કયા પ્રત્યયો છે અને તે કેવી રીતે આવે છે? જુદા જુદા દાખલા આપી સમજાવો.

(૩) વાક્યો સુધારોઃ—

तूम बिस्तरमांथी चादर लाअिये। वे गोपालने क्यों मारते हैं ?
यह धोबी सुमन्तका कपडे धोती हैं।
हिन्दु लोगों सूरज कु नमस्कार करता है।
देहात (ગામડું) मे मजूर कु पेसा नहि मीलता है।

भाओी से बातां करता हूं।
राज के लीये आदमीयों लड़ते हैं।

(૪) અનુવાદ કરોઃ—

શિયાળામાં રાતે ટાઢ ખૂબ પડે છે.
મુંબઇમાં અબ્દુલ્લાની બહેન રહે છે.
હિન્દુ મુસલમાન વગેરે બધા ઇશ્વરના પુત્રો છે.
સિપાઇઓ રાજાને સલામી આપે છે.
તે બીજાની મદદથીજ જીવે છે.
સોનાની વીંટીની કીમત શી છે?
લોકો મહેનતથી ડરે છે.

પાઠ દસમો

વિભક્તિ અને તેના પ્રત્યયો (ચાલુ)

બહુવચનમાં વિભકિતના પ્રત્યયો લાગવાથી નીચેના ફેરફારો થાય છેઃ—

(૧) अकारान्त શબ્દોમાં 'अ' ની જગ્યાએ 'ओं' થઇ જાય છે. જેમકે:—

बालकों को, बालकों में, बातों से, बातों पर.

(૨) હિન્દુસ્તાનીના **आकारान्त पुल्लिग** શબ્દોમાં 'आ' ની જગ્યાએ 'ओं' થઇ જાય છે:—

घोडों को, घोडों के लिये, कायदों में, भेडियों ने

(૩) સંસ્કૃતના **आकारान्त पुल्लिग** શબ્દોમાં અને હિન્દુસ્તાનીના **आकारान्त स्त्रीलिंग** શબ્દોમાં છેવટે 'ओं' લાગી પ્રત્યય લાગે છે જેમકે:— राजाओं को, पिताओं ने, माताओं के लिये, लताओं पर, दुआओं से।

(૪) **अिकारान्त** અને **ओकारान्त** શબ્દોમાં છેલ્લે **यों** લાગે છે. **ओ** (દીર્ઘ) **अि** (હ્રસ્વ) માં બદલાય છે. જેમકે:—भाअियों ने, पतियों में, अतिथियों से, हाथियों को, दासियों ने।

(૫) **अुकारान्त, अूकारान्त, अेकारान्त,** અને **औकारान्त** શબ્દોમાં છેલ્લે ओं લાગી પ્રત્યય લાગે છે. अू (દીર્ઘ) अु (હ્રસ્વ) માં બદલાય છે. वस्तुओं में, बहुओं ने, झाडुओं से, गौओं को વગેરે.

જ્યારે વિભક્તિનો પ્રત્યય કોઈપણ શબ્દની સાથે હોય અને તે (પ્રત્યય) પહેલાં (૧) का પ્રત્યય હોય અથવા (૨) आकारान्त વિશેષણ હોય તો તે का ની જગ્યાએ के અને आ ની જગ્યાએ ए થઇ જાય છે.

(१) राम का घर। રામનું ઘર. राम के घरमें। રામના ઘરમાં.
राम का लड़का। રામનો છોકરો. राम के लडके को। રામના છોકરાને.
(२) काला बैल। काले बैल को।
रामका काला घोडा। राम के काले घोड़े पर।

સંબોધનના બહુવચનમાં ओ પ્રત્યય લાગે છે. જેમકે:-
हे बालको, हे विद्यार्थिओ, हे माताओ વગેરે.

બહુવચનમાં જ્યારે વિભક્તિનો પ્રત્યય લાગેલો હોય ત્યારેજ ओं પ્રત્યય લાગે છે. વિભકિત પ્રત્યય વગર નહિ. જેમકે:—

बालक गीत गाते हैं। (ખરૂં) बालकों गीत गाते है। (ખોટું)

પણ નીચેના વાક્યો ખરા છે.

बालकों को मिठाओी दो। विद्यार्थियों से काम कराओ।

ઉપરના નિયમો પ્રમાણે શબ્દનાં રૂપો ચલાવવાં સહેલાં પડશે. જેમકે:—

बालक (अकारान्त पुल्लिंग)

એકવચન	બહુવચન
१ बालक, बालक ने.	बालक, बालकों ने

પ્રશ્ન

(૧) राजाओं को, कुत्तों से, माताओं को આ બહુવચનો કયા નિયમથી થાય છે?

(૨) दर्जी, बुढ़िया અને नेता શબ્દોનાં રૂપો લખો.

(૩) નીચેના વાક્યોનું બહુવચન બનાવો:—

नाई लड़के की हजामत बनाता है।
पंजाब का आदमी तन्दुरुस्त होता है।
बच्चा पाठशाला में हिन्दुस्तानी पढ़ता है।
नारियल के पेड़ पर चिड़िया बैठी है।
स्त्री कुएं से पानी भरती है।

(૪) અનુવાદ કરો:—

રસ્તા પરના લોકોને તેઓ બોલાવે છે.
ચોપડીના પાનામાં સોય મૂકું છું.
સોપારીનાં ઝાડો સુંદર લાગે છે.
મધમાખીઓના પૂડામાં પત્થર મારે છે.
બટાટાનું શાક અને રોટલી ખાઉં છું.
બિલાડી ઉંદરોને મારે છે અને કુતરો બિલાડીને.
પાણીમાં માછલીઓ તરે છે.

પાઠ અગીઆરમો

સર્વનામ

પુરૂષ વાચક

मैं (હું), तू (તું), वह (તે) અને आप (તમે) આ પુરૂષ વાચક સર્વનામો છે.

अुत्तम पुरुष (પહેલો પુરૂષ) બોલનાર પોતાના માટે मैं (એકવચન) हम અમે (બહુવચન)નો પ્રયોગ કરે છે.

हम નો પ્રયોગ એક વ્યકિત પોતાના માટે પણ કરે છે.

हम हुक्म करते हैं। હું હુકમ કરૂં છું.

मध्यम पुरुष (બીજો પુરૂષ) સાંભળનાર માણસ માટે तू (એકવચન) तुम (બહુવચન) નો પ્રયોગ થાય છે.

अन्य पुरुष (ત્રીજો પુરૂષ) જેના વિષે વાત કરવામાં આવે છે તેને માટે वह (તે) નો પ્રયોગ થાય છે.

अुत्तम पुरुष **मैं** શબ્દનાં રૂપો

એકવચન	બહુવચન
૧ मैं, मैंने	हम, हमने
૨ मुझको, मुझे	हमको, हमें

३ मुझसे, मेरे से	हम से, हमारे से
४ मुझ को, मुझे, मेरे लिये	हम को, हमें, हमारे लिये
५ मुझसे, मेरे से	हम से, हमारे से
६ मेरा, मेरी, मेरे	हमारा, हमारी, हमारे
७ मुझ में, पर; मेरे में–पर	हम में, पर; हमारे में–पर

मध्यम पुरुष तू શબ્દનાં રૂપો.

એકવચન	બહુવચન
१ तू, तूने	तुम, तुमने
२ तुझको, तुझे	तुम को, तुम्हें
३ तुझ से, तेरे से	तुम से, तुम्हारे से
४ तुझ को, तुझे, तेरे लिये	तुम को, तुम्हें, तुम्हारे लिये
५ तुझ से, तेरे से,	तुम से, तुम्हारे से
६ तेरा, तेरी, तेरे	तुम्हारा, तुम्हारी, तुम्हारे
७ तुझ में–पर; तेरे में–पर	तुम में–पर; तुम्हारे में–पर

अन्य पुरुष **वह** શબ્દોનાં રૂપો.

એકવચન	બહુવચન
१ वह, अुसने	वे, अुन्होंने, अुनने
२ अुस को, अुसे	अुन को, अुन्हें
३ अुस से	अुन से વગેરે.

ઉપરનાં રૂપોથી માલમ પડશે કે પહેલી અને છઠ્ઠી વિભક્તિને બાદ કરતાં मैं અને तू શબ્દોના એક વચનમાં

વિકારી રૂપ **मुझ** અને **तुझ** બને છે. બીજી વિભક્તિ સિવાય બીજી બધી વિભક્તિઓમાં **मेरे, हमारे, तेरे, तुम्हारे** સાથે પણ પ્રત્યય લાગી રૂપો બને છે.

वह સર્વનામને જ્યારે વિભક્તિ પ્રત્યય લાગે છે ત્યારે તેનું વિકારી રૂપ **अुस** બને છે.

मैं, तू, वह આ મૂળ શબ્દોને વિભક્તિના પ્રત્યયો નથી લાગતા પણ તેના વિકારી રૂપોનેજ લાગે છે. જેમકેઃ—

मैं को फल देता है। (ખોટું) मुझ को फल देता है। (ખરૂં)	મને ફળ આપે છે.
वह का भाअी **तू को** बुलाता है। (ખોટું) अुसका भाअी तुझ बुलाता हैं। (ખરૂં)	તેનો ભાઈ તને બોલાવે છે.

નોટઃ—हमारा, हमारी, हमारे અને तुम्हारा, तुम्हारी, तुम्हारे ને ભૂલથી हमेरा, हमेरी, हमेरे અને तुमेरा, तुमेरी, तुमेरे વગેરે ન લખવું.

ગુજરાતીમાં '**આપણે**' વાત કરનાર બન્ને પુરૂષો માટે વપરાય છે. તે માટે હિન્દુસ્તાનીમાં **हम** (બહુવચન) નાં રૂપો વપરાય છે. જેમકેઃ—

આપણા માટે – हमारे लिये।

આપણે સાથે જઈએ છીએ हम साथ जाते हैं।

'પોતાનાં' માટે अपना શબ્દ આવે છે. જેમકે:—

પોતાનું ઘર – अपना घर।
મારો પોતાનો છોકરો – मेरा अपना लड़का।

અભ્યાસ

શબ્દો:—यक़ीन – ભરોસો, फ़ौरन – તરત, ख़त – પત્ર, ज़िक्र अुल्लेख; – ચર્ચા, चाचा – કાકા, सिखाना – શીખવવું. कुछ – કંઈ, कअी – કેટલીક, ઘણી; गुस्सा – ક્રોધ, बुलाना – બોલાવવું, चढ़नेका – ચઢવાનો, काफ़ी – પૂરતું.

मुझे तुम्हारे भाअी का यक़ीन है। મને તમારા ભાઈનો ભરોસો છે.
मैं अुस के घर फ़ौरन जाता हूँ। હું તેને ઘેર તરત જાઉં છું.
हमें अपना ही भाअी समझो। અમને પોતાનાજ ભાઈ સમજો.

ख़त में तुम्हारा ज़िक्र भी करता हूँ।
કાગળમાં તમારો ઉલ્લેખ પણ કરૂં છું.
अुन्हें मेरे चाचा काम सिखाते हैं।
તેમને મારા કાકા કામ શીખવે છે.
मेरे लिये तुझ में और अपने पुत्र में कुछ फ़र्क़ नहीं है।
મારા માટે તારામાં અને મારા પુત્રમાં કંઈ ફરક નથી.
हमारे देश में बहादुरों की कअी कहानियाँ प्रसिद्ध हैं।
આપણા દેશમાં વીરોની ઘણી વાર્તાઓ પ્રખ્યાત છે.
आअिये, आप के साथ दो बातें करनी हैं।
આવો તમારી સાથે બે વાતો કરવી છે.

પ્રશ્ન

૧. तू અને वह શબ્દનાં વિકારીરૂપો ક્યારે બને છે? બે બે દાખલા આપો.

૨. નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યા પૂરોઃ—

—— —— भाओी पढ़ता है? लड़कों को —— बात अच्छी —— ।
—— अपने घर में —— प्रतीक्षा —— हूँ ।
हम —— मदरसे में —— बजे जाते हैं ।
अुनकी चाची —— घरकी —— बातें —— हैं ।

૩. નીચેનાં વાક્યો સુધારોઃ—

वह पर मेरा भाओी को गुस्सा आना है।
हमेरी और तुमेरी कीताब में कौनसी अच्छीं हैं?
अुन्हे वह का घोड़ा पर चढ़ने का शौक़ है।
में तुम के लीये कीतनी चीज़ों ख़रीदता हूँ।
अपन में से मेरे कु ही पाठ याद है।

૪. અનુવાદ કરોઃ—

હું જ્યારે તેમને ઘેર જાઉં છું ત્યારે તેઓ મને બોલાવે છે.
તમારા ભાઇને મારી ચોપડી આપી છે?
આટલું દુધ આપણા માટે પૂરતું છે.
તમે મારી વાતો પર ધ્યાન કેમ નથી આપતા?
મારાથી તેનું કામ નથી બનતું.
તેમને પૂછો, તેમના પિતાશ્રી ક્યાં જાય છે?

પાઠ બારમો

વિશેષણ

વિશેષણ શબ્દના ગુણ, માપ, સંખ્યા વગેરે બતાવે છે. કેટલાંક વિશેષણો શબ્દ (વિશેષ્ય) ના જાતિ અને વચન પ્રમાણે બદલાય છે. તેને **विकारी** કહે છે. જે વિશેષણો નથી બદલાતા તે **अविकारी** કહેવાય છે. જેમકેઃ—

काला घोड़ा – काले घोड़े – काली घोड़ी (विकारी)
लाल घोड़ा – लाल घोड़े – लाल घोड़ी (अविकारी)

વિશેષણના ભેદોઃ—

(૧) **सार्वनामिक विशेषण** – આ વિશેષણો સર્વનામથી બને છે.

यह घोड़ा, वह घोड़ा વગેરે.

(૨) **गुणवाचक विशेषण** – આ વિશેષણો ગુણ બતાવે છે. જેમકેઃ—

नया मकान, पुरानी अिमारत, चौड़ा कमरा, पतली धोती, लाल घोड़ा, बुरा आदमी વગેરે.

(૩) **संख्यावाचक विशेषण** – આ વિશેષણો ગણત્રી બતાવે છે.

तीन फल, पहला लड़का, चारों बच्चे, थोड़ा पानी, कुछ आम, आधा लड्डू, बहुत बड़ा अजगर वगेरे.

સર્વનામને વિભક્તિપ્રત્યય લાગવાથી જેમ તેનું મૂળ રૂપ બદલાય છે તેમ તેના વિશેષણનું રૂપ પણ બદલાય છે. ગુજરાતીમાં આ પ્રમાણે બદલાતું નથી. જેમકે:—

वह किताब मेरी है। તે ચોપડી મારી છે.
अुस किताब में देखो। તે ચોપડીમાં જુઓ.
अुन किताबों पर कागज़ चढ़ाओ।
તે ચોપડીઓ પર પુઠું ચઢાવો.

અભ્યાસ

अिन सब छोटे छोटे कामों में मेरा जी नहीं लगता है।
આ બધાં નાનાં નાનાં કામોમાં મારૂં મન નથી લાગતું.
पुराने मकानों के खंडहर भी भारत के गौरव को बताते हैं।
જુનાં મકાનોનાં ખંડેરો પણ ભારતનું ગૌરવ બતાવે છે.
आधा सेर दूध और डेढ़ सेर चावल वह रोज़ खाता है।
અરધો શેર દૂધ અને દોઢ શેર ભાત તે દરરોજ ખાય છે.
चौड़ा सीना, लम्बी लम्बी भुजाअें और तेजस्वी चेहरे से वह देवदूत लगता है।
પહોળી છાતી, લાંબી ભુજાઓ અને તેજસ્વી ચહેરા પરથી તે દેવદૂત લાગે છે.
नेक और अीमानदार साथियों से आदमी कामयाबी हासिल करता है।
ભલા અને સાચા સાથીઓ વડે માણસ સફળતા મેળવે છે.
यह महीन कपड़ा बहुत ज़्यादह दाम का है।
આ ઝીણું કપડું ઘણુંજ કીમતી
घटिया माल नहीं चाहिये, बढ़िया दिखाइये।
હલકો માલ નહિ જોઇએ, ભારે બતાવો.

પાઠ તેરમો

ક્રિયાવિશેષણ અને બીજા અવ્યયો

ક્રિયાવિશેષણ ક્રિયામાં વિશેષતા (ગુણ વગેરે) બતાવે છે. જેમકે:—

तुम **जल्दी** चलो।   वह **अच्छा** लिखती है।

મુખ્ય ક્રિયાવિશેષણો:—

दाँये (જમણી બાજુ)	प्राय: (ઘણે ભાગે)
बाँये (ડાબી બાજુ	कभी (કદી)
फ़ौरन, तुरन्त (તરત)	अभी (અત્યારે)
शायद (કદાચ)	तक (સુધી)
अक्सर (ઘણે ભાગે)	परसों (પરમ દિવસે)

आगे, पीछे, क्यों, कैसे વગેરે.

અવ્યય:—

१. अुस **के साथ** मैं घूमने जाता हूँ।
હું તેની સાથે ફરવા જાઉં છું.

२. राम **के पास** किताब है।
રામની પાસે ચોપડી છે.

આ વાકયોમાં ગુજરાતીમાં 'ની' પ્રત્યય આવેલો છે ત્યાં હિન્દુસ્તાનીમાં के પ્રત્યય આવ્યો છે. (की पास નહિ)

નીચેનાં અવ્યયો પહેલાં के પ્રત્યય આવે છે.

आगे, पीछे, नीचे, ऊपर, सामने, बाहर, अन्दर, आसपास, पास (પાસે), बीच (વચ્ચે), बिना (વગર), अतिरिक्त; बगैर, साथ, सहित, द्वारा, मारे (લીધે), कारण, बाद (પછી), अनन्तर (પછી), लिये, समान, अनुसार, विरुद्ध, खिलाफ़, नज़दीक, (નજીક), वास्ते, माफ़िक, जरिये (દ્વારા), विषय में.

નીચેનાં અવ્યયો સાથે की અવ્યય આવે છે.

तरह (જેવું, રીતે), तरफ़, ओर (તરફ), नाईं (પ્રમાણે), ख़ातिर (માટે, લીધે), अपेक्षा (કરતાં), निस्बत (કરતાં), जगह, बदौलत (કારણે), मारफ़त (દ્વારા), भांति (રીતે, પ્રમાણે).

કેટલાંક અવ્યયો બે નામોને અગર બે વાક્યોને જોડે છે. જેમકેઃ—

परन्तु (પણ), किन्तु, लेकिन (પણ), पर (પણ), बल्कि (બલ્કે), क्योंकि (કેમકે), चूंकि (કેમકે), जोकि (જો કે), हालांकि (જો કે), असलिये (તેથી, એથી), कि (કે), यदि (જો), तो, अर्थात्, तथा, याने (મતલબ કે), मानो (જાણે), और (અને), भी (પણ), नहीं तो, अथवा, या (અથવા, કે) વગેરે.

१ किशोर हर साल पास ही नहीं होता बल्कि अव्वल रहता है।
કિશોર દર વરસે પાસજ નથી થતો પણ પહેલો રહે છે.

२ वह कहता है कि ये भाओ और बहन नहीं हैं परन्तु पतिपत्नी हैं।
તે કહે છે કે આ ભાઈ અને બહેન નથી પણ પતિપત્ની છે.

અભ્યાસ

मेरी ओर तुम बार बार क्यों देखते हो ?
મારી સામું તમે વારે વારે કેમ જુઓ છો ?

२१ वें पन्ने तक अैसी बात नहीं है।
૨૧ મા પાના સુધી એવી વાત નથી.

अक्सर वह पांच बजे के बाद आता है।
મોટે ભાગે તે પાંચ વાગ્યા પછી આવે છે.

मैं अुस के घर नहीं जाता हूँ क्यों कि वह सब के सामने मेरा अपमान करता है।
હું તેના ઘેર નથી જતો કેમકે તે બધાના દેખતાં મારું અપમાન કરે છે

हालांकि वह आपका दुश्मन है फिर भी आप के घर रोज़ आता है।
જો કે તે તમારો દુશ્મન છે તો પણ દરરોજ તમારે ઘેર આવે છે.

પ્રશ્ન

(૧) નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરોઃ—

अुस की —— मेरा लेख —— सुन्दर है।
गांव —— नज़दीक —— मेरा खेत है।
तुम जाओ —— अुसे भेजो।
राम —— अपेक्षा भरत —— लक्ष्मण छोटे हैं।
—— सबक़ याद करता हूँ —— मुझे याद —— होता है।
वह कहता है —— किताब —— बिना राम —— बहन लिखती है।

(૨) વાક્યો સુધારોઃ—

आप के खातिर में काम करता हुं।

हमेरे घर की पीछे अेक मोटा पेड है।

माधव की साथ मोहन बी जाता है क्यों की त वह का दोस्त है

तुम कहेते है अीस लीये में काम करता हुं।

(૩) અનુવાદ કરોઃ—

તેનો ભાઇ અને બહેન પણ ભણે છે.

કિલ્લાની સાથેજ નદી વહે છે.

પાડોસી પ્રમાણે તમે પણ ઘણે ભાગે લડો છો.

ગરમીને લીધે ઘણી તરસ લાગી છે.

સવારે હું વહેલો ઉઠું છું અને બગીચા તરફ ફરવા જાઉં છું.

પાઠ ચૌદમો

ભૂતકાળ

સકર્મક અને અકર્મક ક્રિયા

(૧) राम फल खाता है। રામફળ ખાય છે.
राम हँसता है। રામ હસે છે.

પહેલા વાક્યમાં ક્રિયા સકર્મક છે કારણ કે તે કર્તા રામ અને કર્મ ફળને જુદા જુદા બતાવે છે.

બીજા વાક્યમાં ક્રિયા અકર્મક છે. તેમાં હસવાનું ફળ (ખુશી) વગેરે હસનાર રામ સાથેજ આવે છે.

(૨) ક્રિયા સાથે કોણ અને શું સવાલ કરતાં બે જુદા જુદા જવાબ મળે તો તે ક્રિયા સકર્મક સમજવી અને જેમાં કોણનોજ જવાબ મળે છે તે અકર્મક.

કોણ ખાય છે? राम। શું ખાય છે. फल। આ બે જવાબ મળ્યા તેથી खाना સકર્મક ક્રિયા છે.

કોણ હસે છે? राम। શું હસે છે? એનો જવાબ નથી માટે हँसना અકર્મક ક્રિયા છે.

खाना, देना, पढ़ना, करना, पीना, लिखना, लेना, देखना, पकड़ना વગેરે સકર્મક ક્રિયાઓ છે.

जाना, हँसना, सोना, दौड़ना, होना, बैठना, तैरना, आना વગેરે અકર્મક ક્રિયાઓ છે.

(૩) સકર્મક ક્રિયામાં કર્મને લીધે વર્તમાનકાળનાં રૂપોમાં ફેર નથી પડતો. જેમકે:—

राम फल खाता है। રામ ફળ ખાય છે.

राम रोटी खाता है। રામ રોટલી ખાય છે.

(૪) સકર્મક ક્રિયાનાં ભૂતકાળનાં રૂપોમાં કર્મને લીધે ફેર પડે છે. જેમકે:—

रामने फल खाया। રામે ફળ ખાધું.

रामने रोटी खायी। રામે રોટલી ખાધી.

रामने तीन फल खाये।

रामने तीन रोटियाँ खायीं।

(૫) ઉપરના વાકયોથી માલમ પડે છે કે સકર્મક ક્રિયા ભૂતકાળમાં આવે તો કર્તાને ने પ્રત્યય લાગે છે. અને ક્રિયા કર્મ પ્રમાણે આવે છે.

સકર્મક ક્રિયા ભૂતકાળમાં હોય તો ક્રિયાની જાતિ (નર કે નારી) અને વચન (એકવચન કે અનેકવચન) કર્મ પ્રમાણેજ આવે છે.

(૬) કર્તાનાં જાતિ અને વચન બદલાય તો પણ ક્રિયાનાં જાતિ વચન બદલાતાં નથી. જેમકેઃ—

राम ने रोटी खायी ।	मैं ने रोटी खायी ।
सीता ने रोटी खायी ।	हमने रोटी खायी ।

(૭) અકર્મકક્રિયાનાં રૂપોમાં કર્તાનાં જાતિ અને વચન પ્રમાણેજ ફેરફાર થાય છે, અને કર્તા ને ने પ્રત્યય પણ લાગતો નથી.

राम हँसा । રામ હસ્યો.	मैं हँसा । હું હસ્યો.
सीता हँसी । સીતા હસી.	हम हँसे । અમે હસ્યા.

ભૂતકાળનાં રૂપોઃ—

(૮) નીચેનાં રૂપો જોવાથી માલમ પડશે કે ભૂતકાળનાં રૂપો કેવી રીતે બને છેઃ—

(क) મૂળ ધાતુ.	ભૂતકાળનું રૂપ.
कह (અકારાન્ત)	कहा (अ ની જગ્યાએ आ કરવાથી બને છે.)
खा (આકારાન્ત)	खाया (या ઉમેરવાથી)
पी (ઈકારાન્ત)	पिया (હ્રસ્વ इ કરી या ઉમેરવાથી)
छू (ઊકારાન્ત)	छुआ (હ્રસ્વ उ કરી आ ઉમેરવાથી)
दे (એકારાન્ત)	दिया (ए ને इ કરી या ઉમેરવાથી)
धो (ઓકારાન્ત)	धोया (या ઉમેરવાથી)

(ख) એજ પ્રમાણે બીજા ધાતુઓનાં રૂપો બને છે. જેમકેઃ-

देख – देखा। हँस – हँसा। गा – गाया। जी – जिया। चू – चुआ।

(ग) लेना અને देना ધાતુ સિવાય જે अेकारान्त ધાતુઓ છે તેનાં રૂપો या લગાડવાથી બને છે. જેમકેઃ— सेया

मुर्गी ने अण्डा सेया।

(घ) करना, जाना, होना અને है ધાતુઓનાં રૂપો ઉપલા નિયમો પ્રમાણે બનતાં નથી. પણ

करना – किया। जाना – गया।
होना – हुआ। है – था। આ પ્રમાણે બને છે.

(૯) (क) નરજાતિમાં બહુવચન બનાવતી વખતે आ ની જગ્યાએ अे કરવામાં આવે છે. જેમકેઃ—

घोड़ा देखा – घोड़े देखे। कपड़ा धोया – कपड़े धोये।
लड़का गया – लड़के गये। बच्चा रोया – बच्चे रोये।

(ख) નરજાતિનું નારીજાતિ બનાવતી વખતે आ ની જગ્યાએ ई કરવામાં આવે છેઃ—

घोड़ा देखा – घोड़ी देखी। फल खाया – रोटी खायी।
कपड़ा छुआ – धोती छुई। लड़का पैदा हुआ – लड़की पैदा हुई।

(ग) पीना, लेना, देना, करना ધાતુઓના ભૂતકાળમાં નારી જાતિના રૂપો આ પ્રમાણે બને છેઃ—

पी, ली, दी, की।

मैंने अेक धोती ली। परमात्मा की प्रार्थना की।

अुसे पुस्तक दी।

(घ) નારીજાતિમાં બહુવચન બનાવતી વખતે यी અથવા ओ ઉપર અનુસ્વાર મૂકવામાં આવે છેઃ—

अेक रोटी खायी। तीन रोटियाँ खायीं। स्त्री गयी। स्त्रियाँ गयीं।
घोड़ा देखा। घोड़ियाँ देखीं। धोती दी। धोतियाँ दीं।
लड़की हँसी। लड़कियाँ हँसीं। मेरे पास पुस्तक थी। मेरे पास पुस्तकें थीं।

(૧૦) વર્તમાનકાળ અથવા ભવિષ્યકાળ પ્રમાણે ભૂતકાળનાં રૂપોમાં પહેલા, બીજા અને ત્રીજા પુરૂષ પ્રમાણે ફેરફાર થતો નથી પણ એકસરખાંજ રહે છે. માટેજ ત્રણ પુરૂષ પ્રમાણે રૂપો નથી આપ્યાં.

मैंने देखा। तूने देखा। अुसने देखा।
मैं हँसा। तू हँसा। वह हँसा।

(૧૧) સકર્મક ધાતુના ભૂતકાળમાં ને પ્રત્યય લાગે છે એટલે સર્વનામના કર્તામાં તેનું મૂળ રૂપ બદલાય છે. જેમકેઃ–

अुसने काम किया (वह ने ખોટું) એકવચન.

अुन्होंने काम किया। (વેને ખોટું') બહુવચન.
उस आदमीने यह काम किया। (वह आदमी ने ખોટું') સાર્વનામિક વિશેષણ.

(૧૨) लाना, बोलना, भूलना, मिलना આ ધાતુઓ સકર્મક હોવા છતાં ભૂતકાળમાં ने પ્રત્યય લાગતો નથી. જેમકે:—

मैं पुस्तक लाया। मैं अुससे मिला। मैं बोला।

समझना ધાતુમાં વિકલ્પથી ने પ્રત્યય લાગે છે:—

मैं समझा। मैंने समझा।

(૧૩) સકર્મક ધાતુને કર્તામાં ने અને કર્મમાં को પ્રત્યય લાગેલો હોય તો ક્રિયા હંમેશ નરજાતિના એકવચનમાંજ રહે છે. કર્તા કે કર્મ પ્રમાણે બદલાતી નથી. જેમકે:—

बिल्ली ने चूहों को मारा। બિલાડીએ ઉંદરો માર્યા.
कुत्तेने बिल्ली को मारा। કૂતરાએ બિલાડીને મારી.

को પ્રત્યય લાગેલો નહોય ત્યારે:—

बिल्लीने चूहे मारे।
कुत्तेने बिल्ली मारी। આ પ્રમાણે બને છે.

(૧૪) ગુજરાતીમાં ने પ્રત્યયને બદલે 'એ' આવે છે અને को પ્રત્યયની જગ્યાએ 'ને' આવે છે. માટે એમાં ભૂલ થઇ જાય છે.

राजाने कहा। રાજાને કહ્યું, (ખોટું) રાજાએ કહ્યું (ખરૂં)
नौकरने काम काम सौंपा (ખોટું) ઊંધો અર્થ થઇ ગયો છે.
नौकर को काम सौंपा (ખરૂં)

અભ્યાસ

तुम ये कपड़े क्यों लाये? તમે આ કપડાં કેમ લાવ્યા?
अुस की माता ने मुझे पूरियां दीं। તેની બાએ મને પૂરીઓ આપી.
रानी राजा के साथ सती हुअी। રાણી રાજા સાથે સતી થઇ.
मैं जवाहरलाल की सभा में गया और वहां अुनकी तकरीर सुनी।
હું જવાહરલાલની સભામાં ગયો અને ત્યાં તેમનું ભાષણ સાંભળ્યું.
परसों शायद वह अिस लिये नहीं आया कि अुसे अपने गांव जाना पड़ाथा।
પરમ દિવસે તે કદાચ તેથી ન આવ્યો કે તેને પોતાના ગામમાં જવું પડયું હતું.
अुन्होंने मेरे सामने कहा कि हमीद ने शेरनी को मारा।
તેમણે મારા દેખતાં કહ્યું કે હમીદે વાઘણને મારી.
मैं अुससे मिला और कहा कि तुमने बाज़ार से कितनी टोकरी आम ख़रीदे?
હું તેને મળ્યો અને પૂછ્યું કે તમે બજારમાંથી કેટલા ટોપલા કેરી લીધી?
शाहजहाँने कई आलीशान अीमारतें को बनवाया।
શાહજહાંએ કેટલીક ભવ્ય ઇમારતો બંધાવી.
मैं राम से मिला और अपनी किताबें लीं।
હું રામને મળ્યો અને મારી ચોપડીઓ લીધી.

પ્રશ્ન

૧. ભૂતકાળમાં 'या' પ્રત્યય કઇ ધાતુઓને લાગે છે?

૨. ક્રિયા હંમેશ નરજાતિ એકવચનમાં ક્યારે આવે છે?

૩. ને પ્રત્યય ગુજરાતીમાં કઇ વિભકિતમાં આવે છે અને હિન્દુસ્તાનીમાં કયી વિભક્તિમાં ? ત્રણ ત્રણ દાખલા આપો.

૪. વર્તમાનકાળ અને ભૂતકાળમાં ક્રિયાને કર્મ સાથે સંબંધ હોય છે કે નહિ? હોય તો કઇ જાતનો ? દાખલા આપો.

૫. વાક્યો સુધારોઃ—

खेत सें अुसने अेक फल लाया।
अुसने बोला कल कई नेताअें से मैं मीला।
भगतने प्रार्थना करी।
मथुरे की बहुत संस्थाओं के अुन्होंने स्थापित की।
वहां अनेकों लोगों थें पर सभों की रायें जुदी जुदी थी।
अुनने कहानियां और निबंध लीखे।
मैंने आज चाअी पीअी।
आप के भाअी ने यहां बुलाओ।

(૬) અનુવાદ કરોઃ—

સાંજે તેઓ આવ્યા અને કહ્યું કે તમે સ્ટેશન ઉપર જાઓ.
તેમને એ ન આવડ્યું ત્યારે મેં બતાવ્યું.
પાછલા મહાયુદ્ધમાં જર્મની હાર્યું.
હું ચોપડી લાવ્યો પણ મેં વાંચી નહિ.
મોરે સાપને માર્યો.
મેં ઘણી મહેનત કરી પણ પાસ થયો નહિ.
જ્યારે તમે આવ્યા ત્યારે તે ગયો

પાઠ પંદરમો

ભવિષ્ય કાળ

(૧) મૂળ ધાતુને નીચેના પ્રત્યયો લગાડવાથી ભવિષ્યકાળ બને છે.

	એકવચન	બહુવચન
૧ પહેલો પુરૂષ	ऊंगा	एंगे
૨ બીજો પુરૂષ	एगा	ओगे, एंगे (માનાર્થે)
૩ ત્રીજો પુરૂષ	एगा	एंगे

(૨) નારીજાતિમાં આ પ્રત્યયોમાં गा અને गे ની જગ્યાએ गी આવે છેઃ—

નરજાતિ	નારીજાતિ
मैं करूंगा – हम करेंगे।	मैं करूंगी – हम करेंगी
तू करेगा – तुम करोगे। आप करेंगे।	तू करेगी – तुम करोगी। आप करेंगी।
वह करेगा – वे करेंगे।	वह करेगी – वे करेंगी।

(૩) आ, ई, ऊ, અને ओ જે ધાતુઓને છેડે હોય છે તેને ઉપરના પ્રત્યયોમાંના 'ए' અને 'एं' ની જગ્યાએ 'वे' અને 'वें' અથવા 'ये' અને 'यें' પણ લગાડવામાં આવે છે.

मैं खाऊंगा।   हम खाएंगे, खायेंगे, खावेंगे।

तू खाएगा, खायेगा, खावेगा। तुम खाओगे।

वह खाएगा, खायेगा, खावेगा,। वे खाएंगे, खायेंगे, खावेंगे।

એજ પ્રમાણે गाना, धोना વગેરે ધાતુઓનાં રૂપો બનશે.

(૪) **ओकारान्त** અને **ऊकारान्त** ધાતુમાં **वेगा, वेंगे** પ્રત્યયો સિવાય બીજા પ્રત્યયો લાગે છે ત્યારે દીર્ઘ **ओ** અને દીર્ઘ **ऊ** હ્રસ્વ **अि** અને હ્રસ્વ **उ** માં બદલાય છે.

मैं पिऊंगा।   हम पिएंगे, पियेंगे, पीवेंगे। વગેરે.

मैं छुऊंगा।   हम छुएंगे, छुयेंगे, छूवेंगे। વગેરે.

(૫) देना, लेना અને होना ધાતુઓનાં **નીચે** પ્રમાણે રૂપો બને છે.

देना		होना	
मैं दूंगा।	हम देंगे।	मैं हूंगा, होऊंगा।	हम होंगे, होवेंगे।
तुम देगा।	तुम दोगे।	तू होगा, होवेगा।	तुम होगे, होओगे।
वह देगा।	वे देंगे।	वह होगा, होवेगा।	वे होंगे होवेंगे।

અભ્યાસ

वे वहां होंगे? તેઓ ત્યાં હશે?

तुम सोओगे तो चैन पाओगे। તમે સૂઈ જશો તો આરામ પામશો.

तुम कहोगे तो मैं यह काम करूंगा।
તમે કહેશો તો હું આ કામ કરીશ.

जब वे आयेंगे तब तुम्हें छुट्टी मिलेगी।
જ્યારે તેઓ આવશે ત્યારે તમને રજા મળશે.

हम नदी किनारे चलेंगे और वहीं खायेंगे।
અમે નદી કિનારે જઇશું અને ત્યાંજ ખાઇશું.

जो अुस खंभे को छुअेगा अुसे अिनाम दूंगा।
જે તે થાંભલા ને અડકશે તેને ઇનામ આપીશ.

सावित्री ग्यारह बजे आवेगी तभी खायेगी।
સાવિત્રી અગીઆર વાગે આવશે ત્યારેજ ખાશે.

પ્રશ્ન

(૧) लेना ધાતુનાં ભવિષ્યકાળના રૂપો લખો.

(૨) નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યા પૂરોઃ—

तुम शाम को — — —— ?
मैं —— खाऊंगा —— मुझ बुखार है ——।
वे आप —— सामने —— नहीं बोलेंगे।
तुम कितने बजे —— और कितने बजे — —।

(૩) નીચેનાં વાક્યો સુધારોઃ—

तूम आयेंगे तब हम पकाअूंगा।
हमेरे भाअी को शादी कल होंगी।

थोड़ा पानी लाओ मैं पीऊंगा।

मुजे वे क्या देवेंगे।

परसों तक यहां रहुंगा

अुसे खत लीखिये वो आवेगी।

मेरे साथ अुसकु भी भेजो, हम दोनों काम करेगा।

हम जायेगा तब बोलेगा अबी कुछ नहि जानता।

૪) અનુવાદ કરોઃ—

મારો ભાઇ તમને કેવી રીતે ઓળખશે?

જે જોઇશે તે બજારમાંથીજ લઇશું.

આજે થોડી વારમાં તેમને ઘેર હું તેમને મળીશ.

વિમળા ને બોલાવીશ ને ત્યાં મોકલીશ.

તમે મારી સાથે ખાશો?

ગરીબનાં બાળકો હશે તેથી ભીખ માંગે છે.

તમારા રૂપીઆ હવેથી હું નહિ લઇશ.

તમે આ દવા પીશો તો ઘણો ફાયદો થશે.

गिनती (ગણત્રી)

१ अेक	२६ छब्बीस	५१ अिकावन	७६ छिहत्तर
२ दो	२७ सत्ताईस	५२ बावन	७७ सतत्तर
३ तीन	२८ अट्ठाईस	५३ तिरपन	७८ अठत्तर
४ चार	२९ अुन्तीस	५४ चौपन	७९ अुनासी
५ पांच	३० तीस	५५ पचपन	८० अस्सी
६ छ	३१ अिकत्तीस	५६ छप्पन	८१ अिक्यासी
७ सात	३२ बत्तीस	५७ सतावन	८२ बयासी
८ आठ	३३ तेंतीस	५८ अठावन	८३ तिरासी
९ नौ	३४ चौंतीस	५९ अुनसठ	८४ चौरासी
१० दस	३५ पैंतीस	६० साठ	८५ पचासी
११ ग्यारह	३६ छत्तीस	६१ अिकसठ	८६ छयासी
१२ बारह	३७ सैंतीस	६२ बासठ	८७ सतासी
१३ तेरह	३८ अडतीस	६३ तिरसठ	८८ अठासी
१४ चौदह	३९ अुन्तालीस	६४ चौंसठ	८९ नवासी
१५ पन्द्रह	४० चालीस	६५ पैंसठ	९० नब्बे
१६ सोलह	४१ अिकतालीस	६६ छयासठ	९१ अिकानबे
१७ सत्रह	४२ बयालीस	६७ सड़सठ	९२ बानबे
१८ अठारह	४३ तेंतालीस	६८ अड़सठ	९३ तिरानबे
१९ अुन्नीस	४४ चवालीस	६९ अुनहत्तर	९४ चौरानबे
२० बीस	४५ पैंतालीस	७० सत्तर	९५ पचानबे
२१ अिक्कीस	४६ छयालीस	७१ अिकहत्तर	९६ छियानबे
२२ बाईस	४७ सैंतालीस	७२ बहत्तर	९७ सतानबे
२३ तेईस	४८ अड़तालीस	७३ तिहत्तर	९८ अठानबे
२४ चौबीस	४९ अुनचास	७४ चोहत्तर	९९ निन्यानबे
२५ पच्चीस	५० पचास	७५ पचहत्तर	१०० सौ.

१०१ अेक सौ अेक, २०० दो सौ, १००० हज़ार, १०००० दस हज़ार, १००००० लाख, १०००००००० करोड़, १००००००००० अरब.

अिकाअी (એકમ), दहाअी (દશક), सैंकडा (સો).

पहला, दूसरा, तीसरा, चौथा, पांचवां, छठा, सातवां, आठवां, ... वां.

दोनों, तीनों, चारों, पांचों, छहों, सातों, आठों ....

રાષ્ટ્રભાષા પ્રેમીઓ માટે

રાષ્ટ્રભાષાપ્રેમી વિદ્વાનોએ મુક્ત કંઠે જેની પ્રશંસા કરી છે,
અભ્યાસીઓને માર્ગદર્શન કરવામાં જે અજોડ છે, શિક્ષણની
લોકસુલભ દૃષ્ટિ લક્ષમાં રાખીનેજ જેનું સંયોજન કરવામાં
આવ્યું છે, દેશભરના પીઢ કેળવણીકારોના
વિચારોને અપનાવવા જેમાં પ્રયત્ન થયો છે, તે
हिन्दुस्तानी पाठमाला भाग दूसरा और तीसरा
ટુંક સમયમાંજ પ્રસિદ્ધ થશે.

પહેલો ભાગ જોતજોતામાં ભાષા પ્રેમીઓ પાસે પહોંચી
ગએલ હોવાથી બીજા અને ત્રીજા ભાગની
માર્ગપ્રતિક્ષા તેઓ કરી રહ્યા છે.
જેમ બને તેમ તાત્કાલીક એ જનતા
સમક્ષ રજુ કરવા શુભેચ્છા છે.
આશા છે કે ગૂજરાત આ
નિર્દોષ પ્રયત્નની
જરૂર કદર
કરશે.

પ્રકાશકઃ—
સ્નાતક મિત્રમંડળ.
નવા દહેરા, **ભરૂચ.**